સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

બેન્કના કાયદા માત્ર ગરીબો ને જ નડે છે,
નાની અમથી ભૂલ માટે ખૂબ ધક્કે ચડે છે.
અટકે અહીં પૂંછડી, છે હાથીઓ માટે હાઈવે -
પ્રજા બિચારી ઘરની દાઝી બેન્કમાં રડે છે

અપાવી દીધો,
લ્યો, કૌભાંડોમાં પણ -
નંબર વન!

સમજે છે સૌ -
બાપુ કી મિલકત -
બેન્કનાં નાણાં...

હાઈકુ

ચિંતન

યસ્ય બોધોદયે તાવત્ સ્વપ્નવત્ ભવતિ ભ્રમઃ ।
તસ્મૈ સુખૈકરૂપાય નમઃ શાન્તાય તેજસે ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવકગીતામાંથી લેવામાં આવેલ ચે.

જેનાં બોધનો ઉદય થતાં ભ્રમ માત્ર સ્વપ્ન બની રહે છે, તે સુખસ્વરુપ, શાંત અને તેજસ્વરુપને નમસ્કાર હો!!

અહીં આત્મતત્ત્વને જ નમસ્કાર છે. આત્મ તત્ત્વ વિશેના બોધનો ઉદય થતાં જ અર્થાત્ આત્મતત્ત્વ અંગેના જ્ઞાનનો પ્રકાશ થતાં, સંસારરૂપી ભ્રમ કે ભ્રાંતિ સ્વપ્નવત્ બની જાય છે. એટલે કે જેમ જાગૃત થતાં જ સ્વપ્ન રહેતું જ નથી, તેમ આત્માની ઓળખ થતાં સંસાર-ભાવ પણ રહેતો નથી. ને એ આત્મતત્ત્વ સુખસ્વરુપ છે, એટલે કે આનંદ સ્વરુપ છે. સંસાર સંબંધે કહ્યું છે તેથી સુખ-સ્વરુપ કહ્યું છે, કારણ કે સંસારમાં સુખ એ જ આનંદ છે ને સાંભળનાર જનકરાજા સંસારી જ છે. પછી કહે છે શાંત છે, અર્થાત્ ત્યાં કોઈ સંકલ્પો - વિકલ્પો છે નહીં, ક્ષોભ કે વિક્ષેપ છે નહીં. અને તેજ સ્વરુપ છે, કારણ કે જ્ઞાનના પ્રકાશની વાત છે. આત્માને નમસ્કાર એટલે પોતાને જ નમસ્કાર !

સુવિચાર

- ક્રિયાનો વાંધો નથી, ક્રિયામાં મોહ છે તેનો વાંધો છે ? - **દાદા ભગવાન**
- આ દુનિયામાં છેતરાય કોણ ? લાલચું, જો લાલચું ના હોય તો તેને ભગવાન પણ છેતરી ના શકે, લાલચ ના હોય તો જગત કલ્યાણ થાય - **ઓશો**
- 'મુક્ત પુરુષ' ની આજ્ઞાવશ રહેવું, એનું નામ ધર્મ. પુસ્તકનું પછી કામ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારી પાસે સંતોષી મન હોય તો તમારી પાસે જીવનનો આનંદ માણવા માટેની પૂરતી સમૃદ્ધિ છે - **પ્લેટો**
- દુર્ભાગ્ય મિત્ર વિહોણું છે - **સાયરસ**
- હૃદયને એવી આંખો છે જેની મગજને ખબર નથી - **પાસ્કલ**
- આજનું ઔષધ : મચ્છરનાં ડંખથી બચવા લવિંગનું તેલ લગાડવું

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ચૈતન્ય મહાપ્રભુ એ એક બ્રાહ્મણ જોયો. જે ખૂબ તલ્લીનતાથી ગીતા પાઠ કરી રહ્યો હતો. ચૈતન્ય મહાપ્રભુને જોઈ પેલો આશીર્વાદ લેવા નીચે નમ્યો ત્યારે મહાપ્રભુએ પેલાને કહ્યું, 'તમારો ગીતા પાઠ મેં સાંભળ્યો, તમારા સંસ્કૃત ઉચ્ચારો તો ઘણા અશુધ્ધ હતા છતાં તમે આવી આનંદ સમાધિ કેવી રીતે મેળવી શકો છો ?'

બ્રાહ્મણે નમ્રતાથી જવાબ આપ્યો : 'પ્રભુ મને સંસ્કૃત કયાં આવડે છે તે હું શુદ્ધ ઉચ્ચાર કરી શકું ?' અશુદ્ધ ઉચ્ચારો કરીને ગમે તે રીતે શ્લોકો બોલ્યા કરું છું, શ્લોકનો અર્થ તો આપ જેવા જ્ઞાની જાણતા હશે. પણ હા, એક વાત છે. હું જે વખતે ગીતા પાઠ કરતો હોઉં છું ત્યારે મારી સમક્ષ કુરુક્ષેત્રમાં પાંડવો, કૌરવોની સેના વચ્ચે રથ જોઉં છું. જેમાં સારથિ તરીકે ખુદ શ્રીકૃષ્ણ ઊભા છે અને તેઓ અર્જુન ને ઉપદેશ આપે છે. આવું મને દેખાયા કરે છે જેથી મારો આત્મા પુલકિત બની જાય છે અને હું તલ્લીન બની જાઉં છું.'

આ સાંભળીને ચૈતન્ય પ્રભુ તેને ભેટી પડ્યા અને કહ્યું, 'બસ, ભાઈ!! ગીતા પાઠનો આ જ એક સાચો અર્થ છે અને તેં એ અર્થને જાણ્યો છે, પચાવ્યો છે.'

ચાંદની વિલાઈ ગઈ મધરાતે

તંત્રીસ્થાનેથી...

વિજ્ઞાન માનવીને વધુ ને વધુ લાંબુ જીવવા માટેની સુવિધાઓ અને સારવાર ઉપલબ્ધ કરાવતું રહે છે, છતાં તે મૃત્યુને માત નથી આપી શક્યું. હૃદયરોગના દરદીનો હાર્ટ એટેક આવ્યા પછી વર્ષો સુધી ટકી શકતા હોવાના દાખલા અત્રતત્રસર્વત્ર નજરે પડે છે. બ્લૉક થઈ ગયેલી કોરોનરી આર્ટરીમાં સ્ટેન્ડ મૂકીને અથવા બાયપાસ સર્જરી દ્વારા મૃત્યુને પાછું ઠેલવામાં આધુનિક તબીબી વિજ્ઞાન પણ વામણું સાબિત થાય છે. બોલીવુડની લાડલી અને નામાંકિત અભિનેત્રી શ્રીદેવીના અવસાનથી આખો દેશ આંચકો અનુભવી રહ્યો છે. એ બીમાર નહોતી ક નહોતી એને કોઈ હૃદય સંબંધી પ્રોબ્લેમ. બલકે ફિટનેશની અતિશય કાળજી લેનારી આ મહિલા સુપરસ્ટાર સાજી નરવી પતિ બોની કપૂરના ભાણેજના લગ્ન સમારોહમાં સપરિવાર દુબઈ ગઈ હતી. લગ્નસમારોહમાં એણે અન્ય મહિલાઓ સાથે નૃત્ય પણ કર્યું હતું. અચાનક રાતના અગિયાર-સાડા અગિયારના શુમારે એ વૉશરૂમમાં પડી ગઈ અને પછી કયારેય ભાનમાં ન આવી. ઓચિંતો જ તીવ્ર હૃદયરોગનો હુમલો આવવાથી એનું હૃદય બંધ પડી ગયું જેને દુબઈની અદ્યતન મેડિકલ સારવાર પણ ફરી ધબકતું ન કરી શકી. શ્રીદેવીનું ચોપ્પન વર્ષની ઉંમરે આમ ઓચિંતુ ચાલી જવું તે બોલીવૂડ સહિત તમામ ફિલ્મ રસિકો માટે બહુ મોટી આઘાતજનક ઘટના છે. અમિતાભ બચ્ચન સાથે 'ખુદા ગવાહ'માં ચમકેલી ચાંદનીએ છેક ચાર વર્ષની બાળવયે જ ફિલ્મ જગતમાં પદાર્પણ કર્યું હતું. એની યાદગાર ફિલ્મોમાં 'હિમ્મતવાલા' જેવી વિશિષ્ટ અને મનોરંજક ફિલ્મોની હારમાળા છે. નાગકન્યા તરીકે એણે કરેલો અભિનય આજે પણ આપણને મંત્રમુગ્ધ કરે છે. એના સમયની એ સામ્રાજ્ઞી હતી. વચ્ચે કેટલાંક વર્ષ ફિલ્મ જગતથી દૂર રહ્યા પછી એણે પુનરાગમન કર્યું હતું એ હજી તો 'મધર ઈંડિયા'ની રિમેક કરીને નરગીસે ભજવેલું પાત્ર ભજવવાની એની મંશા હતી. એણે એક ઉમદા વ્યક્તિ તરીકેની છાપ ઊભી કરી હતી એ સૌંદર્યમાં તો શિરમોર હતી જ. મીનાકુમારી અને મધુબાપલા પણ બહુ જ ઓછું જીવ્યા છે, પણ એમની સાથે જીવનની કરુણતાઓ જોડાયેલી હતી. વ્યસનને કારણે અને ડિપ્રેશનને કારણે એમના માટે જિંદગી એક બોજ બની ચૂકી હતી. શ્રીદેવીને એવી કોઈ સમસ્યા ન હતી. એને પતિ અને પરિવારમાં સુખ હતું, અઢળક પૈસો હતો અને ગાડાં ભરાય એટલી પ્રતિષ્ઠા હતી. છતાં જિંદગીએ એનો સાથ પડધે રસ્તે જ છોડી દીધો અને તે પણ દુબઈની ધરતી પર. એના મૃતદેહનું પોસ્ટમોર્ટમ થયું. દુબઈના કાયદાકાનૂન મુજબ તત્કાળ દૂતાવાસને જાણ કરાઈ, પાસપોર્ટ રદ કરાયો અને અનિલ અંબાણીએ મોકલાવેલું ચાર્ટર પ્લેન ઍરપોર્ટ પર રાત આખી હવા ખાતું રહ્યું તે પણ કેવી કરુણતા! ફક્ત 'પદ્મશ્રી' થી નહીં બલકે પ્રકૃતિની મહાન દિવંગત સૌંદર્ય સામ્રાજ્ઞીની ચાંદની જેવી ઉજ્જવળ પ્રતિભાને સો સો સલામ.

પરિશ્રમથી મેળવેલ વસ્તુનું મૂલ્ય, અમૂલ્ય હોય છે

અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

'ના, હવે મારે મોબાઈલ નથી જોઈતો.' દીકરીએ જાહેર કર્યું.

'...પણ.. તું તો મોબાઈલ માટે.... !' મમ્મીએ કહયું.

'બેટા, મોબાઈલ માટે તેં જ તો કહેલું.' પપ્પાએ યાદ દેવડાવ્યું.

'હા. પપ્પા,...બધ્ધુ બરાબર.... તમે કહો છો તે બધું સાચ્ચું. પણ આ પૈસાથી મારે મોબાઈલ લેવો નથી.' દીકરીએ પોતાનો નિર્ણય કુટુંબના સભ્યોને જણાવી દીધો હતો.

સામાન્ય મધ્યમ વર્ગીય કુટુંબ. પપ્પા ફેક્ટરીમાં કામ કરે. મમ્મી થોડું કેટરીંગનું કામ કરીને આર્થિક રીતે મદદરૂપ બને. ત્યારે કયાંક બે છેડા ભેગા થાય. દીકરી બારમા ધોરણમાં ભણે. ભણવામાં ખૂબજ હોશિયાર. એક દિવસ દીકરીએ પિતાને કહયું કે મારે નવો મોબાઈલ જોઈએ છે. હવે દીકરી પાસે મોબાઈલ તો હતો જ. તે પણ લેટેસ્ટ. માતા-પિતાને નવાઈ લાગી. હાલના મોબાઈલમાં પણ આજના યુવા વર્ગને જોઈએ તે તમામ ફિચર્સ ઉપલબ્ધ હતા. તો પછી નવો મોબાઈલ?? છતાં પપ્પાએ દીકરીની વાતનો જરાય વિરોધ ન કર્યો. પણ તેની સામે પિતાએ દીકરીને એક નવી ઓફર કરી. દીકરીને દસ દિવસ માટે નાતાલનું વેકેશન હતું. અને કેટરીંગના વ્યવસાયમાં સીઝન હોવાથી માતાને તેના કામમાં મદદની જરૂર હતી. દીકરીને કહયું કે તે દસ દિવસ માટે માતાને કેટરીંગના કામમાં મદદ કરે. માતા તેની મદદ માટે તેને પૈસા પણ ચૂકવશે. અને પછી તે નવો મોબાઈલ ખરીદી શકશે. જો પૈસા ખૂટશે તો પપ્પાએ ઉમેરી આપવાની બાંહેધરી પણ આપી. કામ શરૂ થયું. દીકરી વહેલી સવારે પાંચ વાગે ઉઠી જતી અને તેની માતાને બધાજ કામમાં મદદ કરતી. શાકભાજી સાફ કરવા, મિક્ષ્ચરમાં મસાલા બનાવવા, ટીફીન તૈયાર કરવા, વગેરેમાં મદદ કરતી. સવારે છ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધી કામ પહોંચતુ. દીકરી ખૂબજ થાકી જતી. દીકરીના કામથી માતા ખૂબ ખુશ થઈ હતી. નવો ફોન ખરીદવા માટે તેને કેટલાક પૈસા મમ્મીએ આપ્યા.બાકીના પપ્પા ઉમેરવાના હતા. પપ્પાએ કહયું : "ચાલો, કાલે આપણે ખરીદી કરવા જઈશું ?"

દીકરીએ કહયું, "ના... મમ્મી, મારે કોઈ નવો મોબાઈલ ખરીદવો નથી. આ મારા પૈસા છે. મેં આકરી મહેનતથી કમાવેલા છે. મારે મોબાઈલ જોઈતો નથી. મારી પાસે ઓલરેડી એક મોબાઈલ તો છે જ. તેથી મારે બીજો મોબાઈલ મેં કમાવેલા પૈસાથી ખરીદવો નથી."

મમ્મી-પપ્પા અવાચક થઈને દીકરીને સાંભળતા જ રહયાં.

પેરેન્ટ્સ હંમેશા પોતાના સંતાનોને પ્રોટેકટ કરતાં હોય છે. જયારે ઓવર પ્રોટેકશન થાય ત્યારે અનેક પ્રશ્નો સર્જાતા હોય છે.

સંતાનોને ખબર જ નથી હોતી કે રૂપિયા કયાંથી આવે છે? કેવી રીતે આવે છે ? રૂપિયા કમાવવા માટે કેટલો શ્રમ કરવો પડે છે ? જયારે કોઈપણ વસ્તુ મેળવવા માટે પરસેવો પડે છે ત્યારે તે વસ્તુનું મૂલ્ય આપોઆપ વધી જતુ હોય છે.

તૈયાર ભાણે મળતી વસ્તુઓ કરતાં પરિશ્રમથી મેળવેલ વસ્તુનું મૂલ્ય, અમૂલ્ય હોય છે. આ સત્યની તેને જ કદર હોય છે જેની કમાણીમાં પરસેવાની સુગંધ ભળેલી હોય. સંતાનોને કિંમતી વસ્તુઓ અને રૂપિયાના મૂલ્યનો અહેસાસ કરાવવો દરેક મા-બાપનું કર્તવ્ય બની રહે છે. પૈસા વેડફવા અને પૈસા વાપરવા બન્ને ભિન્ન બાબતો છે. પૈસા વાપરવા આપીએ તે પહેલાં પૈસા કેવી રીતે મેળવવામાં આવ્યા છે તેનું પોતાના સંતાનોને, થોડાક કઠોર બનીને પણ ભાન કરાવવું અનિવાર્ય છે. જે પેરેન્ટસ આ વાત ભૂલી જાય છે અથવા આંખ આડા કાન કરે છે, તેમની તિજોરીઓ ખાલી થતા અને સંતાનોને ગેરમાર્ગે જતાં આપણે સૌએ જોયા છે. દીકરીએ પોતાની મહેનતના પૈસે નવો મોબાઈલ લેવાની સ્પષ્ટ ના પાડી દીધી. જયાં સુધી આકરી મહેનત કરીને નાણાં કમાવાતા નથી ત્યાં સુધી તેનું સાચું મૂલ્ય અનુભવી શકાતું નથી. પપ્પા નાણાં ચૂકવવાના હતા ત્યાં સુધી તેને નાણાના મૂલ્યની અનુભૂતિ નહોતી થઈ. પણ જયારે દીકરીએ જાણ્યું કે રૂપિયા કમાવવા માટે કેટકેટલી મહેનત કરવી પડે છે. ત્યારે તેને નાણાંનું સાચું મૂલ્ય સમજાયું અને તેણે નકકી કર્યું કે આકરી મહેનતથી કમાવેલાં નાણાં મોબાઈલ પાછળ વેડફવા યોગ્ય નથી.

(મારા પેરેન્ટીંગના સેમિનારમાં બનેલી સત્ય ઘટના)

મિસરી

'સાવ સાદો દાખલો ખોટો થયો
એક ડાઘો ભૂંસતા મોટો થયો
આયનામાં કાલ ને જીવતો હતો,
એ જ માણસ આખરે ફોટો થયો.'

- અશોકપુરી ગોસ્વામી

- santoshdevkar03@gmail.com

મૈં ઓર મેરા સાયા ઈન દિનો હમ અલગ હો ગયેં હૈ...

વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

મેરે સાથ રહતા થા સાયા હમેશા
મગર ઈન દિનોં હમ અલગ હો ગયેં હૈ
ઉસે યે શિકાયત થી મુજસે
કિ ઉસકો મિટાને કી ખાતીર હી મૈં યૂં
અંધેરો મેં ચલતા હૂં
તાકિ વો મેરા ત'આકુબ ના કર પાયે - લેકિન,
મુઝે યે શિકાયત થી, મૈં રોશની મેં
અકેલા ભી ચલ સકતા થા
અંધેરે મેં જિસ વક્ત
મુઝકો જરૂરત થી અહબાબ કી
વો ગાયબ થા,
ઉસ કા નિશાં તક નહીં થા,
મેરે સાથ રહતા થા સાયા મેરા
શરીક - એ - હયાત, ઔર સાથી મેરા
મગર ઈન દિનોં હમ અલગ હો ગયેં હૈ...

- ગુલઝાર

ગુલઝાર એક અલગ મિજાજના શાયર છે... ખૂબ જ સરળ શબ્દોમાં ખૂબ જ ગંભીર વાત મર્મસ્થાન પર ભેદવામાં તેમની માસ્ટરી છે...

ગઈકાલે ઘરમાં પુસતકો ગોઠવવાનો આયાસ કર્યો તે દરમિયાન ગુલઝારની 'પુખરાજ' હાથમાં આવી ગઈ, અને પછી બીજા પુસ્તકો તેના ઠેકાણે જ રહી ગયા...

આપણે આપણી સાથે વાત કરવામાં ચોર છીએ... પરંતુ આપણો પડછાયો જ આપણો હંમેશનો સાથી હોય છે...

ગુલઝાર સાહેબે અહીં આપણી અને આપણા પડછાયા વચ્ચેની ખૂબ જ રોચક રીસામણાની વાત કરી છે...

પડછાયો એવી ફરિયાદ કરી રહ્યો છે કે આ શખ્સ મારાથી પીછો છોડાવવા માટે હાથે કરીને અંધારામાં ચાલે છે...

જયારે માણસ કહે છે કે, વાંક પડછાયાનો છે, પડછાયો હંમેશા પ્રકાશમાં તો મારી સાથે રહે જ છે, પરંતુ અંધારામાં જયારે મને તેની વિશેષ જરૂરત હોય છે ત્યારે તે મને છોડી જાય છે...

આપણા પડછાયા સામાન મિત્રો કે સ્નેહી આપણા સુખમાં ક્રુશીની પળોમાં હંમેશા સાથે રહે છે, પરંતુ દુઃખમાં અંધારામાં તેમની વિશેષ જરૂરત જયારે હોય છે, ત્યારે જ તેઓ આપણી સાથે નથી હોતા...

સફળતા વખતે ઢોલ વગાડનારા તો આપણી પાસે ઘણા રહેવાના પરંતુ નિષ્ફળતા વખતે અને જગત આખુ જયારે આપણા પર હસી હ્યું હોય ત્યારે આપણી સાથે ઊભું રહેવાવાળું કોઈ હોતું નથી...

જયારે બીજા દૃષ્ટિકોણથી જોઈએ તો તે જ અંગત સ્નેહી કે મિત્ર એવો ધોખો કરી શકે કે, જયારે સફળતાનો નશો આ શખ્સના માથે ચડ્યો હતો ત્યારે તો તે વ્યક્તિએ અમારો ભાવ પૂછ્યો નહતો, ત્યારે તો તેને મન અમારી કોઈ કિંમત નહોતી.

હવે જયારે મુશ્કેલી આવી છે, પ્રોબ્લેમ ઊભા થવા લાગ્યા છે જીવનમાં ત્યારે આ ભાઈ'સાબ આપણી ખોજખબર લે છે...

વાત તો સાચી છે, આપમે એવા ગુમાનમાં રહીએ કે જાનમાં નાચવા માટે તો ઘણા ળી રહેવાના છે, એટલે શું ખાસ દોસ્ત અને સ્નેહી આપણા દુઃખણા સાંભળવા માટે જ રહી જવાના છે ?

પરસ્પર દેવો ભવ... સમવ્યવહાર કરવો આવશ્યક છે... જયારે જયારે સુખ આવે ત્યારે આપણે ભાન ભૂલી જઈએ છીએ અને જયારે દુઃખ આવે ત્યારે હોશ ગુમાવી દઈએ છીએ...

વસ્તુતઃ આપણે પડછાયા સાથે જન્મજન્માંતરનો સંબંધ છે...

શા માટે એવું સમજવું કે અંધારામાં પડછાયો આપણો સાથ છોડી દે છે ? એવું સમજવું જોઈએ કે અંધારામાં તો પડછાયો આપણામાં સમાય જાય છે... અને આપણને બેવડાવે છે... બેની હિંમત આપે છે...

ગુલઝાર સોહેબે આ નજમમાં જે શખ્સ અને તેના પડછાયા વચ્ચેના અબોલાની વાત કરી છે, તેની વાતને આગળ વધારીએ તો અંતમાં બંનેને એ વાત સમજાય જાય છે કે ખરેખર તો બંને એકબીજાના પૂરક છે...

વાસ્તવમાં રહેવું હો તો હંમેશા સ્વયંસિદ્ધ બની અને તો માટે ખરેખર પોતાની અંદર નજર કરવી રહી....

પણ આપણે આકળા છીએ, ઉતાવલા છીએ, બાવરા છીએ, બેબાકળા છીએ... આપણે કોઈના થતા નથી અને આપણા રહેતા નથી આક્રમક અને ઝનૂની છીએ પણ શાંત અને સ્વસ્થ નથી... આપણે અંદરથી ભિખારી છીએ... આસપાસના પ્રત્યેક જણે આપણી માટે જ જીવવું જોઈએ એવી આપણી અપેક્ષા હોય છે.

કોઈ આપણું કરે તો રાજી રાજી ન કરે તો નારાજ. અંદરખાનો, આપામે ઓશિયાળા થતા જઈએ છીએ... આપણા પર આધાર રાખવાના બદલે બીજા પર આધાર રાખતા થઈ જઈએ છીએ...

આપણી પાસે બધું જ છે, અને કશું નથી... આપણે આપણી તપાસ કરતા નથી, આપણે આપણી ખોજ કરતા નથી... આપણામાં એક આપણો ખૂણો હોવો જોઈએ અને તેની નિયમિત મુલાકાત કરતા રહેવી જોઈએ...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

પુરૂષાર્થ અને કોઠાસૂઝથી મળેલી સફળતા અજવાળાં પાથરે છે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

"બેટા, કાલે આપ્યું હતું તે મેટર ટાઈપ થઈગયું ?" મણીભાઈએ પુત્રવધૂને પૂછ્યું.

"હા, પપ્પા, એ તો કાલે જ થઈ ગયું ને આજે આવેલું મેટર પણ હમણાં પૂરું થશે..." છાયાએ ઉત્સાહિત અને પ્રેમાળ સ્વરે વિવેકી ભાષામાં જવાબ આપ્યો.

જયાં પ્રકૃતિમાં અને માનવીમાં પ્રેમ ઉછાળા મારે છે એવા સૌરાષ્ટ્રના ગીરનારની ગોદમાં કહી શકાય એવો વિસ્તાર એટલે ઉના તાલુકો... અહીના માણસો પ્રેમ-પ્રાર્થના ને પુરુષાર્થથી જીવન જીવી જાણે છે...

અહીંના જ એક ગામ, જેનું નામ પડા છે... ત્યાં રામજીભાઈ અને સવિતાબહેનનો પરિવાર રહે. બાળપણની શેરીઓમાંથી યૌવનના રાજમાર્ગે આવી ગઈ તેનો ખ્યાલ પણ ના રહ્યો. પરિવારના સંસ્કારો જ એવા કે બાળપણથી ઘરનું તમામ કામ હોંશે હોંશે કરે, રસોડું સંભાળે, રમે - જમે ને સાથે સાથે ગામની શાળામાં અભ્યાસ પણ કરે. બહુ નાની ઉંમરે રસોઈકળામાં એવી પારવધી કે પાંચ-દસ નહિ, પચ્ચીસ માણસોની રસોઈ બનાવવાની આવે તો પણ લેશમાત્ર ગભરાયા વિના, સમયસર અને સ્વાદિષ્ટ રીતે બનાવી જાણે. સૌરાષ્ટ્રની દોરા-ધાગાની ગુંથણ કલા અને ભરતકામ પણ એનો રસનો વિષય - અભ્યાસ ધોરણ દસ સુધી કર્યો એમાં સૌથી વધુ ગમતો વિષય તે અંગ્રેજી !! લોક બોલીમાં વાતો કરતી આ દીકરીને અંગ્રેજી ભાષા પ્રત્યે પણ વિશેષ લગાવ હતો.

"છાયાની ઉંમર થઈ, હવે આપણે છોકરો શોધવાનું શરુ કરીએ..." આવો સ્વર ઘર-પરિવારમાં ગુંજતો થયો... અને ઈશ્વરકૃપાએ ઉના તાલુકાના જ ભડિયાદર ગામના રણજીત છેલ્લા આઠેક વર્ષથી અમદાવાદ સ્થાયી થયો હતો. ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરીને તે અમદાવાદમાં ટાઈપ-સેટીંગ તથા લે-આઉટ ડિઝાઈનના વ્યવસાયમાં સેટ થયો હતો. પારિવારિક સ્વજન મણીભાઈને ત્યાં કોઠાસૂઝથી કામ શીખતા શીખતા આઠેક વર્ષમાં અત્યારે એ કેટલાયે પ્રોજેક્ટ સ્વતંત્ર રીતે સંભાળતો થયો હતો.

રણજીત સાથે લગ્ન નક્કી થયા એ પહેલાં કયારેય એ પહેલા કયારેય અમદાવાદ નહીં આવેલી છાયા કહે છે, 'મને કયારેક કયારેક થતું હતું કે ગામડા ગામમાંથી સીધી મહાનગરમાં હું ગોઠવાઈ શકીશ કે કેમ ?' પણ મનમાં હિંમત લઈને હું આવી પહોંચી આ શહેરમાં.'

થોડા દિવસોમાં ઘરમાં - સગાવ્હાલામાં મળવા હળવામાં - પસાર થયા ને એને થયું હું યે પરિવારના વ્યવસાયમાં કામ શીખું તો કેવું સરસ થાય ? એ ઑફિસમાં આવતી થઈ, પતિને અને અન્ય પારિવારિક સભ્યોને પુછી પુછીને બહુ ટૂંકા સમયમાં તૈયાર થઈ ગઈ. એની ભાભી અરુણા કહે છે, 'હું તો સુરતમાં ઊછરેલી ને કોમ્પ્યુટર પણ ભણી હતી, છાયાએ તો કોમ્પ્યુટર પણ અહીં આવીને ઓપરેટ કર્યું પહેલીવાર... ને આટલું ઝડપી શીખી ગઈ... ' અરુણા અને છાયા બંને પુત્રવધૂઓ કહે છે 'અમે બહુ જલ્દી ઑફિસનું અડધું કામ કરતા થઈ જઈશું...' ઘરકામ - રસોઈ - મહેમાનોની આગતા સ્વાગતા આ બધાની સાથે વ્યાવસાયિક રીતે આગળ વધી રહેલી - સતત નવું કામ શીખી રહેલી આ દીકરીઓનું - પુત્રવધૂઓનું ગૌરવ મણીભાઈના પરિવારના છે. પરિવારની દીકરી રીટા કહે છે, 'અમને માત્ર ઘરમાં જ નહિ, ઑફિસમાં પણ ભાભીનો સથવારો રહે છે એટલે અમે વિશેષ આનંદિત છીએ...' આમ કહીને સહુ પોતપોતાના કામે હસતા હસતા લાગી ગયા.

શિક્ષણ એ વ્યક્તિ ઘડતરની પ્રાથમિક જરૂરિયાત છે, પરંતુ એની સાથે જ જરૂરી છે ઘરના સભ્યો - વાતાવરણ અને સ્વયં પાસેથી મળતી કોઠાસૂઝની, આવડત, શીખવવાની ધગશ અને હકારાત્મક અભિગમ.

છાયા જેવી ગામડામાં ઉછરેલી દીકરીઓ શહેરમાં આવે - કોઈ કલાક કે ટ્યુશન વિના સ્કીલ્ડ વર્ક શીખે ને ટૂંકા સમયમાં તેમાં પારંગતતા હાંસલ કરે ત્યારે પુરુષાર્થ અને કોઠાસૂઝથી પ્રેરિત દીવડાઓ ઝળહળે ને અજવાળા રેલાય છે.